MGVCL
An ISO 9001:2008 Certified Company

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. I-૦૯-૨૦૧૬-૧૭**

અરજદાર: શ્રી રામદીન કનૈયાલાલ પાસી,,
૮-બી,જાનકીધામ સોસાયટી,
ગોવિંદપાર્ક,કેનાલ નજીક વડોદરા.

રજુઆત કરનાર: શ્રી રામદીન કનૈયાલાલ પાસી,

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સરદાર એસ્ટેટ સબ-ડિવિઝન, વડોદરા

રજુઆત કરનાર: શ્રી ડી.સી.કૌશિક, નાયબ ઇજનેર,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, સરદાર એસ્ટેટ સબ-ડીવીઝન.,વડોદરા.

અરજદાર શ્રી રામદીન કનૈયાલાલ પાસી ની વીજ કનેકશન ના મંજુર કરવા સામેની ફરીયાદ બાબતે ફરીયાદી તરફથી શ્રી રામદીન કે.પાસી, પોતે તથા ઠાકોરભાઇ રોહીત અને રામલાલ હાજર રહેલ. સામા પક્ષે શ્રી ડી.સી.કૌશિક, નાયબ ઇજનેર, સરદાર એસ્ટેટ સબ-ડિવિઝન, વડોદરા હાજર રહેલ. ફોરમ ની સુનાવણી તા.૩૦.૬.૧૬ ના રોજ હાલોલ વિભાગીય કચેરી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,વડોદરા ની ઓફીસે રાખવામાં આવેલ.

<u>ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,</u>

૧. મોજે ગામ સયાજીપુરા,તા.વડોદરાની સીમ ના રેગ્યુલર સર્વે નં. ૧૫(ક) વાળી જમીનમાં અરજદાર ઇસમોના પાકા કાચા મકાન આવેલા છે.

૨. અરજદાર તથા અન્ય ઇસમો ઘરવપરાશ માટે નાયબ ઇજનેર, સરદાર એસ્ટેટ સબ-ડીવીઝનને વીજજોડાણ મેળવવા માટે તા.૧૪.૧૦.૧૫ ના રોજ અરજ કરેલ છે.

૩. તા.૨૧.૧૦.૧૫ ના રોજ નાયબ ઇજનેર, સરદાર એસ્ટેટ સબ-ડીવીઝનના પત્ર ક્રમાંકઃબીલીંગ/ટેક/૫૪૯૫ થી સદર વીજ કનેકશન જમીનના ટાઇટલ કલીયર ન હોવાથી આપી શકાય તેમ નથી. તેવી પણ જાણ કરેલી તથા નવીન વીજજોડાણ માટે જરૂરી દસ્તાવેજોની માંગણી કરેલી.

૪. તમામ અરજદારો રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ લીધેલ પ્લોટ છે અને અરજદારો આર્થિક રીતે નબળા વર્ગના ઇસમો હોવાથી અને વીજ કનેકશન વગર તેમની તથા તેમના કુટુંબને અસહ્ય યાતનાઓ પડતી હોવાથી વીજ કનેકશન આપવા અરજ વિનંતી કરેલ છે. સદર બાબતે ફોરમના સભ્યો,દસ્તાવેજી પુરાવા ચકાસી ફરિયાદીને સાંભળ્યા, ફરીયાદીનું નિવેદન નીચે મુજબ છે,

સદરહું મકાનો સયાજીપુરા ગામ, તા.જી.વડોદરાની ૧૫(ક) સર્વે નંબર વાળી જમીનમાં બાંધવામાં આવેલા છે અને તેને શીવનગર તરીકેનું નામ આપવામાં આવેલુ છે. સદરહું જમીન ગામ નમૂનો નંબર-૭ મુજબ અરવિંદભાઇ મોતીભાઇ તથા અન્ય વ્યકિતઓની સહિયારી માલિકીની છે. સદરહું જમીન ફરિયાદી તથા અન્ય ઇસમોએ રૂા..૧૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર વેચાણ કરાર કરી લીધેલ હોવાનું જણાય છે.

સદરહું જમીન અંગેનો વિવાદ,નામદાર ગુજરાત હાઇકોર્ટ,સચિવશ્રી,ગાંધીનગર,કલેકટરશ્રી, વડોદરા વિગેતે ચાલુ છે. અને વિવાદ પૂર્ણ થવામાં ઘણો બધો સમય લાગે એમ છે. ત્યાં સુધી અરજદારોને વીજ વપરાશથી વંચિત રહેવું પડે એમ છે. જેથી વીજ પુરવઠાની જરૂરીયાત પ્રાથમિક હોવાથી તેમજ બાળકોના અભ્યાસ અને સુરક્ષાની દ્રષ્ટિએ પણ જરૂરી હોવાથી વીજજોડણ આપવા વીનંતી છે. વધુમાં વિવિધ કોર્ટોના ચુકાદા અરજદાર વિરૂધ્ધ આવે તો વીજજોડાણ પરત કરવા પણ બંધાયેલા છે.

સામા પક્ષે મ.ગુ.વિ.કં.લી., તરફથી રજુઆત કરતા નીચે મુજબની હકીકત દર્શાવી તેઓએ પત્ર ક્રમાંકઃ ૫૪૯૫ તા.૨૧.૧૦.૧૫ થી નવીન વીજજોડાણ લેવા માટે જરૂરી દસ્તાવેજો નીચે મુજબ રજૂ કર્યેથી નવીન કનેકશનો આપી શકાશે.

(૧) સયાજી ગ્રામ પંચાયતની વેરા પાવતી અને આકારણી પત્રક.
(૨) શિવનગરનો નકશો અને સદરહું મકાનના અિધકૃત માલિકીના પુરાવા.

જે બાબત ફરિયાદ તથા અન્ય ઇસમો તરફથી કોઇ દસ્તાવેજી પુરાવા તા.૨૧.૧૦.૧૫ થી આજ સુધી રજૂ કરી શકાયા નથી.આ ઉપરાંત, ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટ અને ગુજરાત વીજ નિયમન આયોગ તરફથી પ્રકાશિત સપ્લાય કોડ સેકશન ૪,૧૬,અને ૪,૧૭ મુજબ અરજદારો તરફથી કોઇ અધિકૃત માલિકી પુરાવા ન આપી શકાતા સદરહું વીજ કનેકશન આપવા પાત્ર નથી.

ગ્રાહક તકરાર નિવારણ સમિતિના સભ્યો સદરહું બાબતે બન્ને પક્ષકારોને સાંભળ્યા દસ્તાવેજી પુરાવા બાબતે વિગતવાર ચર્ચા કરતા એવું જણાય આવે છે કે,સદરહું જમીન અંગેના વેચાણ કરાર ૧૦૦/- રૂા. સ્ટેમ્પ પેપર ઉપર જે રજુ કરેલ છે તે ટાઇટલ કલીયર અંગેનો માન્ય વેચાણ કરાર નથી. જેથી એમની ગ્રામ પંચાયત દ્વારા પણ કોઇ આકારણીની પ્રક્રિયા થયેલ નથી. આ ઉપરાંત જમીન અંગેનો વિવાદ નામદાર ગુજરાત હાઇકોર્ટ,સચિવશ્રી, ગાંધીનગર તેમજ કલેકટરશ્રી,વડોદરા માં ચાલુ છે જેનુ કોઇ પરિણામ આવેલ નથી. જેથી આ ફોરમને સદરહું કેસ સાંભળવા હકુમત નથી.આ ઉપરાંત ગુજરાત વીજ નિયમન આયોગના સેકશન-૪,પેટા સેકશન ૪.૧૬,૪.૧૭ મુજબ કોઇ પણ દસ્તાવેજી પુરાવા અધિકૃત મિલકત માલિકીના ગણાતા હોઇ તે રજુ કર્યેથી નવું વીજજોડાણ આપી શકાય.

(૧) રજીસ્ટર્ડ સેલ ડીડ અથવા લીઝ ડીડ.
(૨) છેલ્લી મ્યુનિસિપલ વેરાની પાવતી.
(૩) એલોટમેન્ટ લેટર.
(૪) સરકારી ઓફિસ તરફથી માલિકી પુરાવાનું પ્રમાણપત્ર.
(૫) જો અરજદાર માલીક ન હોય તો માલિક પાસેથી ન વાંધા પ્રમાણપત્ર.

ઉપરોક્ત તમામ પૂરાવા ફરિયાદી તથા તમામ ઇસમો રજૂ ન કરી શકતા સદરહું વીજકનેકશનો કાયદેસર મળવાપાત્ર નથી.

MGVCL
An ISO 9001:2008 Certified Company

## હુકમ

અરજદારશ્રી રામદીન કનૈયાલાલ પાસી તથા અન્ય અરજદારો  ને હુકમ કરવામાં આવે છે કે તેઓની મીલ્કત બાબતેના કેસ નામદાર ગુજરાત હાઇકોર્ટ,સચિવશ્રી, ગાંધીનગર તેમજ કલેકટરશ્રી,વડોદરા સમક્ષ ચાલુ હોઇ આ ફોરમને સદરહું કેસ સાંભળવા હકુમત નથી.

| | | |
|---|---|---|
| **(બી.જે.ઉપાધ્યાય)** | **(હર્ષા એસ. ચૌહાણ)** | **(પી. જે. પટેલ)** |
| **ટેકનિકલ** | **ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર** | **ચેરપરસન** |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.  જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧)  ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.
(૨)  અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.
(૩)  ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.
(૪)  રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.
(૫)  ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.
(૬)  ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.
(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.
(૮)  બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.
(૯)  રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.